પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

# પંચમહાલ સમાચાર

વર્ષ : ૨૬ • અંક : ૨૯૮ • કુલ પાના : ૪ • તારીખ : ૦૯-૦૮-૨૦૨૩ બુધવાર • કિંમત રૂા.૧.૫૦/-

આદ્યસ્થાપક : સ્વ.અજય કાંતિલાલ પંચાલ

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL (GUJARAT)


RNI NO:- 67073/97 9712880678 panchmahalsamachar@gmail.com panchmahalsamachar panchmahalsamachar www.panchmahalsamachar.com

પંચમહાલ સમાચારના વોટ્સએપ ગ્રુપમાં જોડાવવા માટે Hi લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

## અવિશ્વાસ પ્રસ્તાવ વિપક્ષના પરસ્પર અવિશ્વાસ માટે આવ્યો છે, પ્રસ્તાવ એ છેલ્લા બોલે સિક્સર મારવા જેવું છે : PM

નવીદિલ્હી,

મોદી સરકાર વિરુદ્ધ વિપક્ષ દ્વારા લાવવામાં આવેલા અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા આજે (૮ ઓગસ્ટ) લોકસભામાં શરૂ થઈ છે. જ્યારે ૧૦ ઓગસ્ટે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આ ચર્ચાનો જવાબ આપશે. જો કે, આ પહેલા ભારતીય જનતા પાર્ટી (ભાજપૅ)એ પોતાની રણનીતિ પર ચર્ચા કરી હતી અને વડાપ્રધાન મોદીની અધ્યક્ષતામાં પાર્ટીના સાંસદોની એક મોટી બેઠક બોલાવવામાં આવી હતી. આ બેઠક દરમિયાન પીએમ મોદીએ સાંસદો અને મંત્રીઓ સાથેની વાતચીત દરમિયાન કહ્યું કે અવિશ્વાસ પ્રસ્તાવ



વિપક્ષના પરસ્પર અવિશ્વાસ માટે આવ્યો છે.

બીજેપી સંસદીય દળની બેઠક દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે આ અવિશ્વાસ પ્રસ્તાવ અમારી વિરુદ્ધ નથી, પરંતુ વિપક્ષોમાં અવિશ્વાસ માટે છે. તેણે વધુમાં કહ્યું કે છેલ્લા બોલ પર સિક્સર ફટકારવામાં આવે છે. તેવી જ રીતે વિપક્ષો પણ તેને તક માને છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા પહેલા સંસદીય દળની બેઠક દરમિયાન બીજેપી સાંસદોને એક નવું સૂત્ર આપ્યું છે. બેઠક દરમિયાન પીએમ મોદીએ સાંસદોને સંબોધતા કહ્યું કે ભ્રષ્ટાચાર, પરિવારવાદ ભારત છોડી દો. આ ભારત નથી, ઘમંડી ગઠબંધન છે. પીએમ મોદીએ વધુમાં કહ્યું કે વિપક્ષનું મન સેમીફાઈનલ માટે હતું, પરંતુ તેનું પરિણામ આવી ગયું છે. ગઈકાલે જ સેમીફાઈનલ રમાઈ હતી અને તેનું પરિણામ બધાની સામે છે. તેમણે વધુમાં કહ્યું કે કેટલાકને અભિમાની થઈ ગઈ છે અને આ ઘમંડી શક્તિઓને સંયુક્ત જવાબ આપવાનો સમય આવી ગયો છે.

૧૯ જુલાઈએ એનડીએની બેઠકમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિપક્ષી ગઠબંધન પર નિશાન સાંધ્યું હતું વડાપ્રધાને કહ્યું હતું કે તેઓ એકસાથે આવી શકે છે પરંતુ પાસ નહીં,કેરળમાં ડાબેરીઓ અને કોંગ્રેસ એકબીજાના લોહીના તરસ્યા છે પરંતુ બેંગ્લુરૂમાં હાથ પકડીને હસી રહ્યાં છે.બંગાળમાં ડાબેરીઓ અને તૃણમૂલ કોંગ્રેસ લડી રહ્યાં છે પરંતુ બેંગ્લુરૂમાં સાથે ઉભા છે જનતા જાણે છે કે આ મિશન નથી પણ મજબુરી છે તેઓ તેમના કાર્યકરોની પણ પરવા કરતા નથી

તેમણે કહ્યું હતું કે અમારી સરકાર પહેલા ગઠબંધન ૧૦ વર્ષ બહુ મુશ્કેલીથી સરકાર ચલાવી શક્યું પરંતુ દેશને શું મળ્યું પીએમ પદ ઉપર એક વ્યક્તિ,નિર્ણયો લેવામાં અસમર્થતા અગાઉની સરકારમાં દરેક વ્યક્તિ શ્રેય લેવા માટે આગળ આવતા હતાં પરંતુ જયારે કોઇ ભુલ થાય તો દોષનો ટોપલો સાથીદારો પર ઢોળી દેતા હતાં તેમના માટે ગઠબંધન મજબુરી હતી પરંતુ અમારા માટે ગઠબંધન મજબુરી નથી પરંતુ તાકાતનું પ્રતિક છે.

બીજીબાજુ સંસદમાં અવિશ્વાસના પ્રસ્તાવ પર આજે ચર્ચા શરૂ થઇ છે. જો કે આ પ્રસ્તાવ પાસ થશે નહીં વિપક્ષનો આ દાવો ઉલટો પડી શકે છે. વિપક્ષ ગઠબંધન ભારત પાસે લોકસભાના ૫૩૭ સભ્યોમાંથી ૧૪૩ સાંસદો છે મોદી સરકારને સમર્થન કરનારા લોકસભા સાંસદોની સંખ્યા લગભગ ૩૩૩ છે આવી સ્થિતિમાં સરકાર સંખ્યાબળના મામલામાં વિપક્ષની પાર્ટીઓને પછાડી શકે છે. એવી શક્યતા છે કે અવિશ્વાસ પ્રસ્તાવની નિષ્ફળતા બાદ મોદી સરકાર ૨૦૨૪ની લોકસભા ચુંટણીમાં વિપક્ષી પાર્ટીઓની ટીકા કરવા માટે આ મુદ્દાનો ઉપયોગ કરશે.

હાલમાં અવિશ્વાસ પ્રસ્તાવ પર ચર્ચા માટે ૧૨ કલાકનો સમય નક્કી કરવામાં આવ્યો છે.ભાજપને ૬ કલાક ૪૧ મિનિટ જયારે કોંગ્રેસ પાર્ટીને ચર્ચા માટે ૧ કલાક ૧૫ મિનિટ આપવામાં આવી છે.આ સિવાય વાયએસઆરસીપી, શિવસેના,જનતાદળ યુ બીઆરએસ એલજેપીએ મળીને ૨ કલાકનો સમય નક્કી કરવામાં આવ્યા છે. જયારે અન્ય નાની પાર્ટીઓ માટે ચર્ચાનો સમય એક કલાક અને ૧૦ મિનિટ નક્કી કરવામાં આવ્યો છે. અવિશ્વાસ પ્રસ્તાવ દરમિયાન ભાજપના એક ડઝનથી વધુ સાંસદો અને મંત્રીઓ તેમના વિચારો રજુ કરવાના છે તમામ સાંસદોને ૮થી ૧૦ ઓગષ્ટ સુધી ચર્ચામાં ભાગ લેવા માટે વ્હીપ જારી કરવામાં આવ્યો છે.

## તહેવારો પહેલા સિંગતેલના ભાવમાં રૂપિયા ૨૦નો વધારો, સિંગતેલના ડબ્બાનો ભાવ રૂપિયા ૩૧૦૦ નજીક પહોંચ્યો

અમદાવાદ,

તહેવારો આવતા પહેલા ફરી એક વાર તેલના ભાવમાં આગ ઝરતી તેજી જોવા મળી રહી છે. એક તરફ રક્ષાબંધન અને પછી સાતમ-આઠમના તહેવારો નજીક આવી રહ્યા છે. તેમ તેમ ખાદ્ય તેલોમાં ભડકો થતો જઇ રહ્યો છે. સિંગતેલના ભાવમાં ફરી એકવાર વધારો થયો છે. સિંગતેલના ભાવમાં રૂપિયા ૨૦નો વધારો થયો છે. મધ્યમવર્ગના લોકોને અસર કરતા સમાચાર સામે આવ્યા છે. એક તરફ શાકભાજી અને કઠોળના ભાવમાં વધારો થઇ રહ્યો છે. ત્યાં હવે સિંગતેલના ભાવમાં ફરી એક વખત ભડકો થયો છે. જેના પગલે સિંગતેલના ડબ્બાનો ભાવ રુપિયા ૩૧૦૦ની નજીક પહોંચ્યો છે. તો સાથે જ તહેવારોમાં તેલના ભાવ ઘટવાની શક્યતા નહીંવત જોવા મળી રહી છે. આ સાથે જ કપાસિયા તેલનો ભાવ ૧૭૩૫ અને સરસવ તેલનો ભાવ ૧૭૧૦ રૂપિયા થયો છે. ઓગસ્ટ મહિનો એટલે તહેવારોની સીઝન આવતા જ તેલિયા રાજા બેફામ બન્યા છે. તહેવારોની સીઝન ટાંણે જ તેલના ભાવમાં વધારો ઝીંક્યો છે. સિંગતેલના ભાવમાં રૂ. ૨૦ નો વધારો ઝીંકાયો છે. તો કપાસિયા તેલના ભાવમાં પણ વધારો કરાયો છે. નવા ભાવ મુજબ, સિંગતેલના ૧૫ કિલો ડબ્બાનો ભાવ ૩૦૮૦ થયો છે. તો કપાસિયા તેલનો ડબ્બો ૧૭૩૫ રૂપિયા થયો છે. મગફળીની ઓછી આવકની સામે સિંગતેલની વધતી ડિમાન્ડ ભાવ વધારા પાછળ જવાબદાર હોવાનું વેપારીઓનું કહેયું છે. બીજી તરફ, તહેવારોમાં તેલીયારાજા ઉંચા ભાવ જાળવી રાખવા સક્રિય થયા છે. સરકારનો વધતા તેલના ભાવ પર કોઈ અંકુશ નથી. રાજકોટના તેલના માર્કેટના અપડેટ અનુસાર, જુલાઈ મહિનામાં ત્રીજીવાર તેલના ભાવમાં વધારો કરાયો છે. ૭ જુલાઈ, ૧૩ જુલાઈ અને ત્યાર બાદ ૨૨ જુલાઈના રોજ તેલના ભાવ વધ્યા હતા. આમ, જુલાઈ મહિનામાં ત્રણવાર તેલના ભાવમાં વધારો કરાયો છતાં ઓગસ્ટ મહિનાના પ્રારંભે ફરી ભાવ વધારો ઝીંકાયો છે.

## રાજયસભામાંથી TMC સાંસદ ઓ'બ્રાયન સસ્પેન્ડ

નવીદિલ્હી,

સંસદના ચોમાસુ સત્રમાં આજથી લોકસભામાં શરુ થયેલી અવિશ્વાસ પ્રસ્તાવની ચર્ચાથી ૨૦૨૪નો ચુંટણી ટોન જોવા મળશે.રાજયસભામાં તૃણમુલ કોંગ્રેસના સાંસદ ડેરેક ઓ'બ્રાયન એ હંગામા વચ્ચે પોતાની બેઠક પરથી ઉભા થઈને જોશજોશથી બોલવા લાગતા સભાપતિ જયદીપ ધનખડે તેમને રોકવા પ્રયત્ન કર્યો હતો પરંતુ ઓ'બ્રાયને તેમનું વકતવ્ય ચાલુ રાખતા તેમને સત્રના બાકી સમય માટે સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા છે.

લોકસભામાં પણ વિપક્ષોએ ગઈકાલે ભાજપના સાંસદ નિશીત દુબે દ્વારા જે રીતે કોંગ્રેસ પક્ષ પર આક્ષેપો કર્યા હતા તે મુદે ધમાલ મચાવી હતી અને અધ્યક્ષ કાર્યવાહી કરે તેવી માંગણી કરી હતી. પરંતુ અધ્યક્ષ ઓમ બિરલાએ કોઈ પ્રતિભાવ ન આપતા કોંગ્રેસ પક્ષે ધમાલ મચાવી દીધી હતી અને બંને ગૃહો બપોર સુધી મુલત્વી રહ્યા હતા.

લોકસભામાં આજે અવિશ્વાસ પ્રસ્તાવની ચર્ચા શરુ થતા જ હંગામો શરુ થઈ ગયો હતો. ચર્ચામાં પ્રથમ રાહુલ ગાંધી બોલવાના હતા પરંતુ તેના બદલે કોંગ્રેસના આસામના સાંસદ ગૌરવ ગોગોઈ બોલવા લાગતા ભાજપના સાંસદોએ ધમાલ મચાવી દીધી હતી.

ગોગોઈએ સીધા વડાપ્રધાનને જ નિશાન બનાવ્યા હતા અને ત્રણ પ્રશ્નો પૂછતા જબરી ધમાલ શરુ થઈ ગઈ હતી. ગૌરવ ગોગોઈએ પોતે અવિશ્વાસ પ્રસ્તાવની નોટીસ આપી હતી અને તેથી તેઓએ પોતે પહેલા બોલશે તેવો આગ્રહ રાખ્યો હતો.

## ન્યાયાધીશોની સંપત્તિની ફરજિયાત જાહેરાત માટે કાયદો લાવવો જોઈએ : સંસદીય પેનલે કેન્દ્રને ભલામણ કરી

નવીદિલ્હી,

સંસદીય સમિતિએ તાજેતરમાં સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના ન્યાયાધીશો માટે વાર્ષિક ધોરણે તેમની મિલકતના વળતરની જાહેરાત કરવા માટે તેને ફરજિયાત બનાવવા માટે કાયદો લાવવાની ભલામણ કરી છે. કર્મચારી, જાહેર ફરિયાદ, કાયદો અને ન્યાય વિભાગ સંબંધિત સંસદીય સ્થાયી સમિતિએ તેના અહેવાલ 'ન્યાયિક પ્રક્રિયાઓ અને તેમના સુધારા'માં જણાવ્યું હતું કે સામાન્ય પ્રથા તરીકે, તમામ બંધારણીય કાર્યકર્તાઓ અને સરકારી કર્મચારીઓને તેમની મિલકત અને સંપત્તિ જમા કરાવવાની આવશ્યકતા છે,

ભાજપના રાજ્યસભા સાંસદ સુશીલ કુમાર મોદીની આગેવાની હેઠળની સ્થાયી સમિતિએ જણાવ્યું હતું કે જે કોઈ જાહેર ઓફિસ ધરાવે છે અને તિજોરીમાંથી પગાર મેળવે છે તેણે ફરજિયાતપણે તેની સંપત્તિનું વાર્ષિક રિટર્ન ફાઈલ કરવું પડશે. કેન્દ્ર સરકારે સંસદીય પેનલને જણાવ્યું હતું કે મિલકતોની નિયમિત ફાઈલિંગ અને તેને સાર્વજનિક ડોમેનમાં અપલોડ કરવા માટેની પદ્ધતિને સંસ્થાકીય બનાવવાની જરૂર છે.

સમિતિએ કેન્દ્ર સરકારને સુપ્રિમ કોર્ટ અને હાઈકોર્ટના ન્યાયાધીશો માટે વાર્ષિક ધોરણે તેમની મિલકતના રિટર્ન યોગ્ય ઓથોરિટીને સબમિટ કરવાનું ફરજિયાત બનાવવા માટે યોગ્ય કાયદો લાવવાની ભલામણ કરી હતી. તેમાં ઉમેર્યું હતું કે ઉચ્ચ ન્યાયતંત્રના ન્યાયાધીશો દ્વારા સંપત્તિની ઘોષણા સિસ્ટમમાં વધુ વિશ્વાસ અને વિશ્વસનીયતા લાવશે.

૧૯૯૭માં સુપ્રીમ કોર્ટની ફુલ કોર્ટ દ્વારા અપનાવવામાં આવેલ 'ન્યાયિક જીવનના મૂલ્યોનું પુનઃસ્થાપન' સુપ્રીમ કોર્ટ અને હાઈકોર્ટના દરેક જજ માટે નિમણૂક સમયે અને શરૂઆતમાં તેની સંપત્તિ અને જવાબદારીઓ જાહેર કરવાનું ફરજિયાત બનાવ્યું હતું. ત્યારપછીના દર વર્ષે..

૨૦૦૯ માં, સર્વોચ્ચ અદાલતની પૂર્ણ બેન્ચે સંપૂર્ણ સ્વૈચ્છિક ધોરણે, સર્વોચ્ચ અદાલતની વેબસાઈટ પર સંપત્તિની ઘોષણા મૂકવાનો ઠરાવ કર્યો. જો કે, હાલમાં, સુપ્રીમ કોર્ટની વેબસાઈટ પર ભારતના માત્ર ૫૫ ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશો અને ન્યાયાધીશોના સંબંધમાં સંપત્તિની ઘોષણા સંબંધિત ડેટા છે, જે છેલ્લે માર્ચ ૨૦૧૮ માં અપડેટ કરવામાં આવ્યો હતો. તેવી જ રીતે, માત્ર પાંચ હાઈકોર્ટની વેબસાઈટ પર સંબંધિત હાઈકોર્ટના કેટલાક ન્યાયાધીશો દ્વારા સંપત્તિની ઘોષણા સંબંધિત ડેટા છે.

ગુજરાત સરકાર



૯મી ઓગસ્ટ ૨૦૨૩

નિમિત્તે ગુજરાત રાજ્યના આદિવાસી બાંધવોને

ખૂબ ખૂબ શુભેચ્છાઓ



વિશ્વ આદિવાસી દિવસ ૨૦૨૩

નિમિત્તે માન. મુખ્યમંત્રીશ્રીના હસ્તે ₹ ૧૦૦૦ કરોડથી વધુ રકમના કામોનાં

લોકાર્પણ અને ખાતમુહૂર્ત તેમજ વ્યક્તિલક્ષી યોજનાઓ અંતર્ગત સહાય વિતરણ

વનબંધુ કલ્યાણ યોજના-૧ હેઠળ છેલ્લા દોઢ દાયકામાં ₹ ૧ લાખ કરોડથી પણ વધુ રકમના થયા વિકાસલક્ષી કામો.

ગુજરાત સરકારે વનબંધુ કલ્યાણ યોજના-૨ હેઠળ ₹ ૧ લાખ કરોડ પૈકી વર્ષ ૨૦૨૧-૨૨થી ૨૦૨૩-૨૪ માટે અંદાજિત ₹ ૪૭ હજાર કરોડની જોગવાઈ કરી છે.

આદિજાતિ વિસ્તારના ઉત્કર્ષ માટે આગામી બે નાણાકીય વર્ષમાં અંદાજિત ₹ ૫૦ હજાર કરોડથી વધુ કરાશે જોગવાઈ.

- ભારત સરકાર દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ના અંદાજપત્રમાં "પ્રધાનમંત્રી PVTG ડેવલપમેન્ટ મિશન" હેઠળ આગામી ત્રણ વર્ષમાં ₹ ૧૫ હજાર કરોડની જોગવાઈનું આયોજન.
- આદિમજૂથના લોકોના સર્વાંગી વિકાસ માટે પાયાની સુવિધાઓ પૂરી પાડવા મુખ્યમંત્રી આદિમજૂથ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં કુલ ₹ ૬૦ કરોડની જોગવાઈ.
- આદિમજૂથના લોકોના સર્વાંગી વિકાસ માટે પાયાની સુવિધાઓ પૂરી પાડવા મુખ્યમંત્રી હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૬૫.૭૧ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ રાજ્યના ૪૯૫ સરહદી ગામોના સર્વાંગી વિકાસ માટે માળખાકીય સુવિધાઓ પૂરી પાડવા વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૧૦૦ કરોડની જોગવાઈ.
- મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના અંતર્ગત મંજૂર થયેલ દાવેદારોની જમીનના વિકાસ, ઉત્પાદકતા, આજીવિકાના સાધનો પૂરી પાડવા માટે વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૫૦ કરોડની જોગવાઈ.
- આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત ૮ શાળાઓ અને ૨૦ છાત્રાલયોના સુવિધાયુક્ત મકાન બાંધકામ માટે નાણાકીય વર્ષ ૨૦૨૩-૨૪માં ₹ ૧૨૦ કરોડની જોગવાઈ.
- આદિજાતિ પરિવારોનો આર્થિક ઉત્કર્ષ થાય તે માટેની હોમ સ્ટે યોજના માટે ₹ ૯ કરોડની નવી બાબત હેઠળ જોગવાઈ.
- પ્રતિ વર્ષ ૧૭ લાખ વિદ્યાર્થીઓ માટે ₹ ૮૦૦ કરોડની શિષ્યવૃત્તિ અને ગણવેશ યોજનાના લાભો માટે જોગવાઈ.
- આદિજાતિ વિકાસ વિભાગ સંચાલિત શાળાઓ અને છાત્રાલયમાં રહી અભ્યાસ કરતા ૨ લાખથી વધુ આદિજાતિ વિદ્યાર્થીઓને રહેવા-જમવા સાથે ગુણવત્તાયુક્ત શિક્ષણ મળી રહે તે માટે ₹ ૮૯૦ કરોડની જોગવાઈ.
- આદિજાતિ ખેડૂતોને મિની ટ્રેક્ટર, રોટાવેટર અને થ્રેશર જેવા આધુનિક કૃષિ યંત્રો આપવા માટે ₹ ૨૯ કરોડની જોગવાઈ.
- સિંચાઈની સુવિધા વધારવા માટે સૂક્ષ્મ સિંચાઈ પદ્ધતિ સાથે લિફ્ટ ઈરિગેશન યોજનાથી અંદાજે ૧૨ હજાર આદિજાતિ ખેડૂતોને લાભ આપવા માટે ₹ ૭૫ કરોડની જોગવાઈ.

તારીખ: ૯ ઓગસ્ટ ૨૦૨૩, બુધવાર • સમય: સવારે ૧૦:૦૦ વાગે • સ્થળ: સુગર ફેક્ટરી ગ્રાઉન્ડ, ગુણસદા, તા. સોનગઢ, જિ. તાપી

# મહિસાગર આવૃત્તિ

લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર


# વિશ્વ આદિવાસી દિવસ અને મેરી મિટ્ટી મેરા દેશની ઉજવણી નિમિત્તે યાદ કરીએ માનગઢના આ ઈતિહાસને



મહીસાગર,

ગુજરાત, રાજસ્થાન અને મધ્યપ્રદેશના ત્રિ-ભેટે મહીસાગરના આરે પ્રકૃતિ-પહાડોના ખોળે અરવલ્લીની ગીરીકંદરામાં વસેલુ માનગઢધામ અનુપમ ઐતિહાસિક ગૌરવવંતું પવિત્ર સ્થળ ભારતની ભૂમિમાં આઝાદીની હાકલ પૂર્વે આદિવાસીઓના પૂર્વજોએ હજારોની સંખ્યામાં બ્રિટીશરો ભૂરેટીયાઓના દમન-શોષણને વશ નહી થતા નિર્મમ હત્યા કરી જલીયાવાલા બાગ હત્યાકાંડ કરતા વધારે ભયંકર બર્બરતા વ્હોરી તા.૧૭-૧૧-૧૯૧૩ ના રોજ શહાદત થયેલા ૧૫૦૭ આદિવાસીઓ આજેપણ યાદ આવ્યા વિના કોઈને રહેતા નથી. ભીલોના ભેરૂ અને આદિવાસીઓના ગુરૂ ગોવિંદ અને માનગઢ સૌના મનમાં વસ્યા વિના રહેતા નથી.

માનગઢના ઈતિહાસને ઢંઢોળતા-અંગ્રેજોની બર્બરતા અને ભીલોનો ભરોસો અને ગુરૂ ગોવિંદનું ગામઠી જીવન સાદુજીવન છતા પરાક્રમી, જેલવાસ, કષ્ટ અને કટિબધ્ધતા સત્યનો સાથ સ્વાતંત્ર્યની ચાહના સાથે આદિવાસી સમાજમાં જાગૃતતા લાવવા માટે સંપસભાના નામે ભગત આંદોલન ગુજરાત, રાજસ્થાન, મધ્યપ્રદેશ વિસ્તારમાં જન આંદોલન થઈ ગુરૂ વાણીના રૂપમાં સંતવાણી સતસંગના સથવારે પહાડી પ્રદેશમાં પ્રકાશની જેમ પથરાઈ ચૂક્યુ છે. માનગઢ ક્રાંતિના પ્રણેતા એવા શ્રી ગોવિંદ ગુરૂ અને આદિવાસીઓની યાદમાં દર વર્ષે ભરાતો માગશર સુદ પુનમનો મેળો માનગઢ ખાતે ભરાય છે.

આદીવાસીઓમાં એક કહેવત છે કે, પીયરમાં ગયેલી સ્ત્રી અને ડુંગરે ચડેલો ભીલ ક્યારે પાછો આવે તે નક્કી નહી મતલબમાં જલદી પાછો આવતો નથી અને મન પડે તેટલો સમય રહે છે. અહીં આવતા ભક્તો સંતો સાધુઓ પણ આદિવાસી સમાજના હોય છે. રાજસ્થાન-ગુજરાત સરકારે આ સ્થળે હવે રોડ રસ્તા પ્રદર્શન કક્ષ તથા હોલની વ્યવસ્થા તેમજ કિર્તી સ્થળ સ્થાપિત કર્યું છેઅને ગુરૂ ગોવિંદની યાદમાં ગુરૂ ગોવિંદ સ્મૃતિ વન અને ગુરૂ ગોવિંદની પૂર્ણ કદની પ્રતિમા તેમજ અંગ્રેજી હકુમતનુ ચિત્રાંકન કરી ઈતિહાસને દ્રશ્યના રૂપમાં અંકિત કરી આદિવાસીઓની શ્રધ્ધા અને આસ્થામાં એકવધારો કર્યો છે. જે આવકાર દાયક બાબત છે.

# સંતરામપુર તાલુકાના સાતકુંડા વિસ્તારમાં આત્માની કલસ્ટરના અધિકારી કર્મચારીઓએ મુલાકાત કરી ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા



મહીસાગર,

ગુજરાતમાં વાવેતર થતા હલ્કા ધાન્ય પાકોમાં બાવટો જેવા પાક મોખરાનું સ્થાન ધરાવે છે. જેને અંગ્રેજીમાં ફિંગર મીલેટ અથવા આફ્રિકનમીલેટ તરીકે પણ ઓળખવામાં આવે છે આ પાકમાં પોષક તત્વો ભરપૂર હોય છે. વળી બાવટામાં રેસા એટલે કે ફાઈબર વધારે હોવાથી ડાયાબિટીસ તેમજ નબળાઈના રોગમાં ખૂબ લાભદાય છે. વળી લોહતત્વ તેમજ કેલ્શિયમ જેવા તત્વો પણ આ પાકમાં અન્ય ધન્ય પાક કરતા વધારે પ્રમાણમાં હોય છે, તે મોટાભાગે કુપોષણ અને શારીરિક નબળાઈ દૂર કરવા માટે ઉપયોગ થાય છે.

ચાલુ વર્ષે પ્રાકૃતિક ખેતીનો વ્યાપ વધારે હોવાથી મહીસાગર જીલ્લામાં સંતરામપુર, ખાનપુર, લુણાવાડા, કડાણા જેવા તાલુકાઓમાં ડુંગરાળ વિસ્તાર તેમજ ઓછા પિયત વાળી જમીનમાં બાવટાનું વાવેતર ખેડૂતો કરતા થયા છે. બાવટાની પાકૃતિક ખેતી પદ્ધતિની તાલીમ કલસ્ટર વાઈસ તાલીમમાં મેળવી તેમજ આ વર્ષે મિલેટ્સ વર્ષ તરીકે સરકારએ જાહેર કરેલ હોવાથી અને આ ધાન્ય પાકોમાં વધારે માત્રામાં પ્રોટીન વિટામિન અને અન્ય તત્વો હોવાથી વધારે ખેડૂતો પોતાના જમીનમાં આ ખેતી તરફ કરવા માટે પ્રેરાયેલા છે.

તેમજ લોકોને પોતાને સ્વાસ્થ્ય અંગે સભાનતા પણ વહેલા મોડી આવી ગઈ છે. આ ખેતીમાં અન્ય કોઈ ખાતર તેમજ દવાનો ઉપયોગ નહીવત થતો હોવાથી ખેડૂતોને ઓછા ખર્ચે વધારે ઉત્પાદન મળે છે. તેમજ અત્યારે બાવટાનો ઉપયોગ બેકરી તેમજ અન્ય બનાવટોમાં પણ થાય છે. હાલ ખેડૂતો તેનો ધરૂ વાવીને ફેર રોપણી કરે છે. આ વિગતોની માહિતી મેળવવા સંતરામપુર તાલુકાના સાતકુંડા વિસ્તારમાં આત્માની કલસ્ટરના અધિકારી કર્મચારીઓએ મુલાકાત કરી ખેડૂતોને પ્રોત્સાહિત કર્યા તેમજ આ અંગે માર્ગદર્શનની આપ લે પણ કરી અને ખેડૂતો દ્વારા બીજામૃત જેવા આયામનો ઉપયોગ કરી વાવેતર કર્યું એ નિહાળ્યું. આગામી વર્ષોમાં બાવટો તેમજ અન્ય મિલિટ્સ જેવા કે રાજગરો બંટી સામો જેવા પાકોનું પણ વાવેતર વધશે, તેવી આશા દર્શાવે છે.

# બાલાસીનોર પોલીસે સગીરાનું અપહરણ કરી નાસતા ફરતા આરોપીને ગોંડલથી ઝડપી પાડયો

બાલાસીનોર,

બાલાસીનોર પોલીસ મથકે આરોપી સગીર વયની યુવતિને લલચાવી ફોસલાવી લગ્ન કરવાના ઈરાદે ભગાડી ગયેલ હોય ફરિયાદના આધારે આરોપીની કરેલ ડીટેઈલના આધારે ગોંડલ ખાતેથી પોલીસે ઝડપી પાડી છે.

પ્રાપ્ત વિગતો મુજબ બાલાસીનોર પોલીસ મથકે આરોપી વિષ્ણુભાઈ કિશનભાઈ ગોરવા(રહે. ઠાસરા, નવી નગરી, ખેડા) સગીરી વયની યુવતિને લગ્નના ઈરાદે પટાવી ફોસલાવી ભગાડી ગયેલ હોય બાલાસીનોર પોલીસે આરોપીની કોલ ડીટેઈલ તેમજ ટેકનીકલ એનાલીસીસના આધારે આરોપી વિષ્ણુભાઈ ગોરવા હાલ રાજકોટ ગોંડલ ખાતે હોવાનું જણાઈ આવતાં બાલાસીનોર પોલીસે ગોડલ ખાતેથી ઝડપી પાડવામાં આવ્ય અને આગળની કાર્યવાહી હાથ ધરી છેં..

# બાલાસીનોર દોશી કોર્મસ કોલેજ ખાતે NSAના મહત્વ વિશે વ્યાખ્યાન આપ્યું



બાલાસીનોર,

સી. એન્ડ એસ.એચ. દેસાઈ આર્ટ્સ એન્ડ એલ.કે.એલ દોશી કોમર્સ કોલેજ બાલાસિનોર ખાતે એનએસએસ વિભાગનો અભિમુખતા કાર્યક્રમ યોજાયો. કાર્યક્રમમાં સી.બી.પટેલ આર્ટ્સ કોલેજના સાયકોલોજી વિભાગના અધ્યાપક ડોક્ટર પ્રકાશભાઈ વિછીયા દ્વારા કોલેજમાં એનએસએસનું મહત્વ વિષય ઉપર વ્યાખ્યાન આપવામાં આવ્યું હતું. કાર્યક્રમમાં બાલાસિનોર વિદ્યા મંડળ તરફથી મંડળના પ્રતિનિધિ કુંવરજીભાઈ ભરવાડ, સંસ્થાના ઇન્ચાર્જ આચાર્ય ડોક્ટર જાગૃતીબેન જોશી, સંસ્થાના બંને એનએસએસ પ્રોગ્રામ ઓફિસર ડો.એસ.એમ.ખોખર અને ડો.દિલીપકુમાર ઓડ તેમજ સંસ્થાના અધ્યાપક મિત્રો અને એનએસએસ સ્વયંસેવકો હાજર રહ્યા હતા. કાર્યક્રમનું સફળ સંચાલન ડો. ઉપેન્દ્રસિંગ ચંદેલ દ્વારા કરવામાં આવ્યું હતું.

# બાલાસીનોર કંબોપા ગામે દુધ મંડળીના બિલ્ડીંગનું લોકાર્પણ કરાયું



બાલાસીનોર,

બાલાસિનોર તાલુકાના કંબોપા ગામે દુધ ઉત્પાદક સહકારી મંડળીના નવિન મકાનનું લોકાર્પણ કરવામાં આવ્યું આ પ્રસંગે અમુલ ડેરીના ચેરમેન વિપુલભાઈ પટેલ, વાઈસ ચેરમેન કાંતિભાઈ સોઢા પરમાર, ડિરેકટર, બાલાસિનો પૂર્વ ધારાસભ્ય અને વડોદરા જીલ્લા ભાજપ પ્રભારી રાજેશભાઈ (પપ્પુભાઈ) પાઠક, અમુલ સહકારી ડિરેકટર મહેશભાઈ સોલંકી, મહીસાગર જીલ્લા કિસાન મોરચા પ્રમુખ દિનેશભાઈ પટેલ, ખેડા જીલ્લા મધ્ય સહકારી બેંકના ડિરેકટર બાબરસિંહ ચૌહાણ, ભારતીય જનતા પાર્ટીના સક્રિય કાર્યકર ઉદેસિંહ ચૌહાણ, પ્રવિણસિંહ ચૌહાણ દૂધ મંડળીના ચેરમેન સેક્રેટરી સભાસદો અમુલ ના સુપરવાઈઝર અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# મુનપુર કોલેજમાં વિશ્વ આદિવાસી દિવસ ઉજવાયો



લુણાવાડા,

તા.૦૮/૦૮/૨૦૨૩ ને મંગળવારે અત્રેની કોલેજમાં આચાર્ય ડો. એમ.કે. મહેતા ના માર્ગદર્શન અને પ્રેરણાથી 'વિશ્વ આદિવાસી દિવસ' ની (૯ મી ઓગષ્ટ)ના પૂર્વ દિવસે આ વિસ્તારના પ્રખ્યાત લોકનૃત્ય ''ટીમલી'' અને ''ગફુલી'' રમીને ઉજવણી કરવામાં આવી.

આ કાર્યક્રમની શરૂઆતમાં કોલેજના આચાર્ય કે જેઓના જાહેર જીવનની સેવાઓની સુવાસ આ આદિવાસી વિસ્તારના છેવાડાના માણસ સુધી ફેલાયેલી છે. એવા આદરણીય ડો. એમ.કે.મહેતાએ સૌ વિદ્યાર્થીઓને આદિવાસી સંસ્કૃતિના રક્ષણ, સંવર્ધન અને જતન કરવા માટે આહવાન કર્યું હતું. સાથે સાથે મહેતાએ આદિવાસી લોકજીવનને હજી વધુ ઉજાગર કરવા માટે ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને સરકારી નોકરી અને વ્યાવસાયિક સાહસો કરવા માટે પણ પ્રેરણા પૂરી પાડી હતી. આ ઉજવણીમાં કોલેજ અને ભગિની સંસ્થા યુ.એચ.ભટ્ટ મેમોરીયલ હાઈસ્કૂલના વિદ્યાર્થીઓ મન મૂકીને ટીમલી અને ગફુલીના તાલે ઝૂમી ઉઠયા હતા. આપ સૌ સમક્ષ અમારી ખુશી વહેંચતા આનંદ અનુભવીએ છીએ.

# કાલોલ તાલુકાના દોલતપુરા ગામે જુગાર રમતા બે ઈસમો ઝડપ્યા

કાલોલ,

કાલોલ તાલુકાના દોલતપુરા ગામે ખુલ્લા ખેતરમાં જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી બે જુગારીયાને ઝડપી પાડવામાં આવ્યા.

પ્રાપ્ત વિગતો મુજબ કાલોલ તાલુકાના દોલતપુરા ગામે મંદિરવાળા ફળીયામાં આવેલ ખેતરમાં કેટલાક ઈસમો જુગાર રમતા હોય તે સ્થળે પોલીસે રેઈડ કરી હતી. રેઈડ દરમિયાન રાકેશ ઉર્ફે ચકો બળવંતભાઈ પરમાર, મિતેશ નટવરલાલ પંચાલ ઝડપાઈ ગયા હતા. પકડાયેલ ઈસમોની અંગઝડતી અને દાવ ઉપર મુકેલ રૂપીયા ૬૩૫૦/-પોલીસે જપ્ત કરી આ બાબતે કાલોલ પોલીસ મથકે જુગારધારા હેઠળ ફરિયાદ નોંધાવા પામી છે.

# શહેરા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા જે.બી.સોલંકી સહિત અન્ય ૩ ઈસમો વિરૂદ્ધ એક્ટ્રોસિટી અને મારામારીનો સહિતની વિવિધ કલમ હેઠળ પોલીસ મથક ખાતે ગુનો નોંધાયો

- શહેરા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા જે.બી.સોલંકી એ ઊંજડા ગ્રામ પંચાયતમાં ભ્રષ્ટાચાર થયા હોવાનું તેમને લાગતા જીલ્લા પંચાયત અને જીલ્લા કલેકટર કચેરી ખાતે સોમવારના રોજ તેમના સમર્થકો ને સાથે રાખીને આવેદનપત્ર પાઠવ્યું હતુ. એજ દિવસે તેમના વિરૂદ્ધ માં પોલીસ મથક ખાતે નોધાઈ ફરીયાદ.
- જાનથી મારી નાખવાની ધમકી અને કલ્પેશ વણકર ને તલવાર મારતા ૩૦૭સહિત વિવિધ કલમ હેઠળ ગુનો પોલીસે નોંધ્યો.
- પોલીસે ફરિયાદ નોંધાતાની સાથે જે. બી.સોલંકી સહિત કુલ ત્રણ આરોપીઓને પકડી પાડ્યા હતા.



શહેરા,

શહેરા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા જે.બી.સોલંકી સહિત અન્ય ૩ ઈસમો વિરૂદ્ધ એક્ટ્રોસિટી અને મારામારીનો સહિતની વિવિધ કલમ હેઠળ પોલીસ મથક ખાતે ગુનો નોંધાયો હતો. ઊંજડા ગામના વ્યકિતને માથાના ભાગે તલવાર મારવા તેમજ જાતિ વિષયક શબ્દો બોલવા સહિત માર મારવાનો ઉલ્લેખ પોલીસ ફરિયાદમાં કરાયો છે. પોલીસે ફરિયાદ નોંધાતાની સાથે જે. બી.સોલંકી સહિત કુલ ત્રણ આરોપીઓને પકડી પાડ્યા હતા.

શહેરા તાલુકાના ઊંજડા ગામના રહેવાસી કલ્પેશ વિરાભાઈ વણકર અને તેમનો મિત્ર મહેશભાઈ ભોઈ સોમવારની સવારમાં ગામમાં આવેલા લૂંટણીયા કુવા પાસે ખેતર આગળ ઉભા હતા અને ફરિયાદી કલ્પેશ ખેતરમાં ઢોરો માટે ચારો લેવા ગયા હતા. તે દરમિયાનમાં ૧૦.૨૫ વાગ્યે વલ્લભપુરના રહેવાસી અને શહેરા તાલુકા પંચાયતના વિરોધપક્ષના નેતા જશવંતસિંહ બળવંતસિંહ સોલંકી ઉર્ફે જે.બી. સોલંકી એક સફેદ રંગની ગાડી માંથી તલવાર સાથે ઉતરી સૌપ્રથમ કલ્પેશભાઈને જાતિવિષયક અપમાનિત કરી બહુ ચરબી ચડી ગઈ હું તારા ગામની માહિતી માંગુ છું, તેમાં તારે શું જોવાનું તેમ કહી જાતિવિષયક અપશબ્દ બોલી હાથમાં રહેલી તલવાર માથામાં જાનથી મારી નાખવાના ઈરાદે ઝાટકો મારેલો અને બચવા ખસવા જતા છતાં તલવાર માથામાં વાગી હતી. બીજી તરફ કલ્પેશ સાથે તેનો મિત્ર મહેશ હતો બંને જણાએ બૂમાબૂમ કરતા જે.બી. સોલંકી સાથે આવેલા ઉપેન્દ્રસિંહ નટવરસિંહ સોલંકી, શક્તિસિંહ હિમ્મતસિંહ સોલંકી અને મેહુલસિંહ દિપસિંહ સોલંકી નામના ઈસમો ફરી એક વખત જાતિવિષયક અપશબ્દ અને બિભત્સ ગાળો બોલી ગડદાપાટુનો માર મારવા લાગ્યા હતા અને બૂમાબૂમ કરતા ચારે જણા ત્યાંથી સફેદ રંગની ગાડીમાં ભાગી છૂટ્યા હતા અને જતા જતા જે.બી. સોલંકીએ કલ્પેશને જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી. આ તરફ કલ્પેશ લોહીલુહાણ અવસ્થામાં જમીન પર પડ્યો હતો. ત્યારે બનાવની જાણ ઊંજડા ગામના સરપંચ દિલીપ મહેરાને કરતા તેઓ ખાનગી ગાડી લઈ ત્યાં આવેલા અને સૌપ્રથમ શહેરા સરકારી દવાખાને અને ત્યારબાદ વધુ સારવાર અર્થે ગોધરા સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. શહેરા પોલીસને ઘટનાની જાણ થતાં કલ્પેશ વણકરની ફરિયાદ આધારે એક્ટ્રોસિટી એક્ટ મુજબનો ગુન્હો નોંધી જશવંતસિંહ બળવંતસિંહ સોલંકી ઉર્ફે જે.બી.સોલંકી સહિત અન્ય ૨ ઈસમો નામે ઉપેન્દ્રસિંહ નટવરસિંહ સોલંકી અને શક્તિસિંહ હિમ્મતસિંહ સોલંકી ને હસ્તગત કરી કોવિડ-૧૯ની માર્ગદર્શિકા મુજબ કાર્યવાહી હાથ ધરી હતી.

શહેરા તાલુકા પંચાયત ના વિરોધ પક્ષના નેતા જે.બી.સોલંકી સામે ફરી એક વખત જાનથી મારી નાખવાની ધમકી અને કલ્પેશ વણકરને તલવાર મારતા ૩૦૭ સહિત વિવિધ કલમ હેઠળ ગુનો પોલીસે નોંધ્યો હતો. પોલીસ દ્વારા જે.બી.સોલંકી સહિતના ઈસમોને પકડી પાડવા વિવિધ ટીમો બનાવીને તેના ઘરે વલ્લભપુર પણ પહોંચી ગઈ હતી. પોલીસ દ્વારા આ બનેલા બનાવની એટલી બધી ગંભીરતા લીધી હતી. જેથી આરોપીને કલાકોમાં પકડી પાડીને કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી. જોકે, પોલીસના ઉચ્ચ અધિકારીઓ દ્વારા આ બનેલા બનાવની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો ખરી હકીકત બહાર આવે તેવી શક્યતાઓ રહેલી છે.

શહેરા તાલુકા પંચાયતના વિરોધ પક્ષના નેતા જે.બી.સોલંકી એ ઊંજડા ગ્રામ પંચાયતમાં ભ્રષ્ટાચાર થયા હોવાનું તેમને લાગતા જીલ્લા પંચાયત અને જીલ્લા કલેકટર કચેરી ખાતે સોમવારના રોજ તેમના સમર્થકોને સાથે રાખીને આવેદનપત્ર પાઠવ્યું હતું. બીજી તરફ પોલીસ મથક ખાતે ઊંજડા ગામના કલ્પેશ વણકર નામના વ્યક્તિએ જે.બી.સોલંકી સહિત અન્ય ત્રણ ઈસમો સામે નામજોગ ફરિયાદ નોંધાવતા પોલીસ દ્વારા જે.બી.સોલંકી સહિત અન્ય બે વ્યક્તિઓને પકડી પાડયા હતા. જે.બી.સોલંકી જ્યારે જ્યારે ભ્રષ્ટાચાર તેમજ અન્ય મુદ્દાને લઈને તંત્રને રજૂઆત કરતા હોય ત્યારે તેમની સામે કોઈને કોઈ પોલીસ ફરિયાદ નોંધાતી હોવાનું બનતું હોય છે.

# બાલાસિનોર વિકાસપથ પર પશુઓનો અડિંગો : અકસ્માતમાં સર્જાય તો નવાઈ નહી



બાલાસિનોર,

બાલાસિનોર નગર વિસ્તારમાં ઠેર ઠેર વિકાસ પથ પર પશુઓના અડીંગો રહેતા મુસાફરો અને રાહદારીઓ ભારે પરેશાન થઈ ચૂક્યા છે. ત્યારે સમગ્ર બાબતે નગર પાલીકાના સત્તાધિશો અનેક વાર નગરજનો દ્વારા જાણ કરવા છતાં તંત્ર દ્વારા કોઈ નક્કર પગલાં ભરવામાં આવ્યા નથી. ત્યારે અમદાવાદી ઢાળ પરથી અમદાવાદ તરફ જવાના માર્ગપર પણ પશુઓના અડીંગો હોવાના કારણે પશુઓ પણ હાલ સલામત નથી. તેવા સંજોગોમાં તંત્ર સજાગ થાય તે જરૂરી છે.



વિશ્વ સ્તનપાન સપ્તાહ વિશ્વભરમાં દર વર્ષે ઓગસ્ટના પ્રથમ અઠવાડીયામાં સ્તનપાન સંબંધિત વિષયો પર જાગૃતિ લાવવા અને માતાઓને સ્તનપાન કરાવવા માટે પ્રેરિત કરવાના ઉદ્દેશ્ય સાથે ઉજવવામાં આવે છે. નવજાત શિશુ માટે માતાનું દૂધ અમૃત સમાન છે.નવજાત શિશુને જન્મ પછી છ મહિના સુધી માત્ર માતાનું દૂધ જ પીવડાવવું જોઈએ. ગોધરા તાલુકાના કરસાણા ગામની પ્રાથમિક શાળામાં સ્તનપાનના પ્રચાર-પ્રસાર અને જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં ગોધરા તાલુકા કારોબારી સભ્ય સામતસિંહ સોલંકી, કરસાણા ગ્રામ પંચાયતના સરપંચ, ડે.સરપંચ તથા સભ્યો ખાસ ઉપસ્થિત રહ્યા હતા. આઈ.સી.ડી.એસ. ગોધરા ઘટક-૪ કરસાણા સેજાના મુખ્ય સેવિકા મિત્તલબેન દરજી, ગામની સગર્ભા બેનો, ધાત્રી બેનો, કિશોરીઓ, આંગણવાડી કેન્દ્ર કરસાણા-૧ના આંગણવાડી કાર્યકર સુમિત્રાબેન પરમાર, કરસાણા-૨ના સોનલબેન પરમાર, કરસાણા-૩ના સેજલબેન પરમાર, છક્કડીયા કેન્દ્રના મનિષાબેન પરમાર, ધાણીત્રા કેન્દ્રના રંજનબેન સોલંકી વગેરેએ ઉપસ્થિત રહી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

# ગોધરા પોસ્ટ ઓફિસ બહાર લગાવેલ જનરેટર માંથી ૪૧,૮૦૦/ના મુદ્દામાલની ચોરી કરતાં ચોર ઈસમો

ગોધરા,

ગોધરા શહેર પોસ્ટ ઓફિસના બહાર આવેલ જનરેટર માંથી કોઈ ચોર ઈસમો દ્વારા ૪૧,૮૦૦/-રૂપીયાના મુદ્દામાલની ચોરી કરી જતાં આ બાબતે બી ડીવીઝન પોલીસ મથકે ફરિયાદ નોંધાવા પામી છે.

પ્રાપ્ત વિગતો મુજબ ગોધરા શહેર પોસ્ટ ઓફિસના બહારના ભાગે જનરેટર લગાવેલ હોય આ જનરેટરમાં લગાવેલ વસ્તુઓની ચોર ઈસમો દ્વારા ચોરી કરી ગયેલ હોય જનરેટર માંથી બેટરી, સ્ટાર્ટર, ઓલ્ટરનેટર, હાર્નીસ વાઈરીંગ સેટ, પેનલ બોર્ડ, એવીઆર કાર્ડ તેમજ એમસીવી પોલ મળી કિંમત ૪૧,૮૦૦/-રૂપીયાના મુદ્દામાલની ચોરી કર્યાની ફરિયાદ ગોધરા બી ડીવીઝન પોલીસ મથકે નોંધાવા પામી છે.

# આપની આજ.......

મેષ : આજે તમારા માટે શુભ દિવસ છે અને આજે તમારા અટકેલા પૈસા ફરી મળી શકે છે. પ્રતિષ્ઠા અને સંપત્તિ પ્રાપ્ત થવાના સંકેતો છે અને નસીબ પણ તમને ટેકો આપે છે. વ્યવસાયના ક્ષેત્રમાં નવા સાથીદારો મળી શકશે.

વૃષભ : આજનો દિવસ તમારા માટે શુભ દિવસ છે અને આજે તમને ક્યાંકથી મોટી રકમની અપેક્ષા છે. અચાનક મોટી રકમની આવકને કારણે ભંડોળમાં વધારો થશે. તમારી સમસ્યાઓ તમારા પોતાના દમ પર ઉકેલવાનો પ્રયાસ કરો.

મિથુન : આજનો દિવસ ખૂબ વ્યસ્ત છે અને તમે આજે કોઈ કામમાં ફસાઈ જશો. આજે કેટલીક વિશેષ વ્યવસ્થા કરવામાં ખર્ચ કરવામાં આવશે. આજે દુનિયાને જોવાનો તમારો દ્રષ્ટિકોણ બદલાઈ શકે છે.

કર્ક : આજે તમારી પ્રતિષ્ઠા વધશે અને તમારી લોકપ્રિયતા પણ વધશે. વિરોધીઓને પરાજિત કરવામાં આવશે અને દુશ્મનોના ઈરાદાને નિષ્ફળ કરવામાં આવશે. સફળતાની પ્રાપ્તિથી આનંદ થશે અને મન પ્રસન્ન રહેશે.

સિંહ : આજનો દિવસ તમારા માટે વ્યસ્ત બની શકે છે. નોકરી હોય કે ધંધો આજે તમારે બંને માટે દોડવું પડી શકે છે. આજે બપોર સુધીમાં જો તમે તમારા છૂટાછવાયા વ્યવસાયને યોગ્ય રીતે પૂરા કરો તે યોગ્ય રહેશે, નહીં તો તમને આગળ મુશ્કેલી થઈ શકે છે.

કન્યા : આજે તમારો દિવસ ખૂબ વ્યસ્ત રહેવાનો છે અને તમે જૂના બગડેલા કામને સુધારવાનો પ્રયત્ન કરશો. કોઈ નિષ્ણાતની સલાહ ભવિષ્યમાં તમારા માટે ઉપયોગી સાબિત થશે.

તુલા : આજનો દિવસ તમારા માટે ખૂબ વ્યસ્ત રહેશે. આજે ભાગદોડ રહેશે. તમારે તમારા જીવનસાથીના સ્વાસ્થ્યનું ધ્યાન રાખવું પડશે, તમારું સ્વાસ્થ્ય પણ નરમ રહેશે. સાંજે મહેમાનો થોડા સમય માટે આવી શકે છે.

વૃશ્ચિક : આજે તમને સફળતા મળશે. આજે તમારી ઈચ્છા પૂર્ણ થશે અને તમને સફળતા મળશે. શુભ કાર્યો સ્થાનિક સ્તરે પણ ગોઠવી શકાય છે. ધાર્મિક કાર્યમાં રુચિ વધશે અને નજીકની મુસાફરી શક્ય છે.

ધનુ : આજે તમારો દિવસ કેટલાક મામલે પ્રતિકૂળ હોઈ શકે છે. આજે તમને ક્યાંકથી સારો નફો મળી શકે છે પરંતુ તમારા ખર્ચ પણ ક્યાંક વધી શકે છે. સંતાન તરફથી આનંદદાયક સમાચાર મળશે અને ઘરમાં આનંદનું વાતાવરણ રહેશે.

મકર : આજનો દિવસ તમારા માટે આનંદદાયક અને શુભ છે અને તમારી ખુશીમાં વધારો થશે. આજે તમે તમારા માટે સમય આપશો અને તમને ગમતી વસ્તુઓ કરવા માટે સમર્થ હશો.

કુંભ : આજનો દિવસ શુભ દિવસ છે અને ભાગ્યની મદદથી તમને તે બધું મળશે જેનો તમે વિચાર કરી રહ્યા હતા. કાર્યસ્થળમાં સ્થળાંતર થવાની સંભાવનાઓ છે જે ભવિષ્યમાં તમારા માટે ભાગ્યશાળી સાબિત થશે.

મીન : આજે તમારો દિવસ દાનમાં વિતાવશો. તમારે સંવેદનશીલતાથી તમારી જાતની સંભાળ લેવી પડશે. તમે આજે જે લોકોની મદદ કરી રહ્યા છો, ભવિષ્યમાં ક્યાંક આ લોકો કામમાં આવશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર

પંચમહાલ સમાચાર

### દાહોદ ભાજપમાં સંકલન નો અભાવ કે આંતરિક વિખવાદ..?

# અટલ ઉદ્યાનના લોકાર્પણ કાર્યક્રમમાં ધારાસભ્યની બાદબાકી, યુવા તેમજ મહિલા મોર્ચાની ગેરહાજરી, અડધા સુધરાઈ સભ્યો ફરક્યા જ નહિ

- અટલ ઉદ્યાનના લોકાર્પણ કાર્યક્રમમાં આંગળીના વેઢે ગણી શકાય તેટલા જ વ્યક્તિઓની ઉપસ્થતિ.
- દાહોદ નગરપાલિકામાં સુધરાઈ સભ્યોમાં જૂથબંધી, મહિલા પ્રમુખ, તેમજ પક્ષના નેતાની નીતિરીતીથી મોટાભાગના નારાજ.
- પાલિકામાં પ્રમુખની સાથે સુપર પ્રમુખનું વહીવટ..? ચર્ચાતો સવાલ.
- ટૂંક સમય પહેલા ભાજપના ત્રણ હોદ્દેદારોએ સંકલન ની બેઠકમાં રાજીનામાં ધર્યા હતા.

દાહોદ,

દાહોદ નગરપાલિકા દ્વારા લાખોના ખર્ચે નિર્મિત અટલ ઉદ્યાન નું લોકાર્પણ નગર અદયક્ષાના હસ્તે કરવામાં આવતા વોર્ડ નંબર ૨ સહીત દાહોદના શહેરીજનોમાં એક પ્રકારના આનંદની લાગણી ફેલાઈ છે. પરંતુ બગીચાના લોકાર્પણ કાર્યક્રમના ભાજપની ભાંજગડભરી જૂથબંદીના દર્શન થવા પામ્યા છે. આમ પણ છેલ્લા કેટલાક સમયથી સંગઠન અને નગરપાલિકા વચ્ચે ગજગ્રહ ચાલી જ રહ્યો હતો. એમાં ભાજપના ધારાસભ્યની એન્ટ્રી થતા એકજુથ થવાની કડી બને તેવા તાજેતરના કેટલાક પ્રસંગોમાં ઉપસ્થતિથી જોવા મળ્યું હતું. પરંતુ આજે લાખોના ખર્ચે લોકાર્પણ થયેલા ઉદ્યાનમાં ધારાસભ્યની કોઈ પણ પ્રકારનું મહત્વ ન અપાતા થતા સંગઠનના હોદ્દેદારોની સાથે સાથે મહિલા મોરચાની નારાજગી પણ તેઓની અનુપસ્થિતિના કારણે જણાઈ આવી હતી. સામાન્ય રીતે ભાજપના આવા કાર્યક્રમોમાં સંગઠન યુવા મોરચા, મહિલા મોર્ચા સાહિતની સભ્ય સંખ્યા આંખે ઉડીને વળગે તેવી રહેવા પામતી હતી. ભાજપના આ આંતરિક કલેહની જવાળાઓ એટલી તેજ પુંજ સમી લાગતી હતી કે, આજુબાજુના રહીશો પણ આંગળીના વેઢે ગણાય તેટલા જ હતા. તો લોકાર્પણ સમયે ખુદ પાલિકાના અંદાજે ૫૦ ટકા જેટલાં જ સુધરાઈ સભ્યોની ઉપસ્થતિ આ વિસ્તારના લોકોની સુખાકારી માટે વોકિંગ પથ સહિતની સુવિધાયુક્ત આ બગીચાના


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

લોકાર્પણમાં શહેરીજનો કરતા પાલિકાના અધિકારીઓ અને કર્મચારીઓની સંખ્યા વધુ જણાતી હતી. બગીચાની તખતીમાં ચીફ ઓફિસરનું નામ હોવા છતાંય ચીફ ઓફિસરની ગેરહાજરી પણ નગર પ્રમુખ અને ચૂંટાયેલી પાંખની નીતિ રીતી સામે અનેક પ્રશ્નાર્થ તો ઉભા કરી રહી છે. ત્યારે અગામી દિવસોમાં સ્માર્ટસીટીના અને પાલિકા હસ્તકના વિકાસમાં ભાજપનો આંતર કલેહ કઈ પરિસ્થિતિ નિર્માણ કરશે તે કહેવું મુશ્કેલ છે. તો બીજી તરફ પ્રમુખની મુદત પણ ખૂબ જ ટૂંકા દિવસોમાં પૂર્ણ થવા જઈ રહી છે. એ પણ ઉલ્લેખનીય છે અત્રે ઉલ્લેખનીય છે કે, દાહોદ નગરપાલિકામાં છેલ્લા કેટલાક સમયથી જૂથબંદી જોવા મળી રહી છે. જેના પગલે પાલિકાના કામોમાં ઘણી ખરી અવ્યવસ્થા પણ જોવા મળી રહી છે. પાલિકાના સુધરાઈ સભ્યો ચાર થી પાંચ જૂથોમાં વહેંચાઈ જતા મોટાભાગના કામોમાં થતો આંતર કલેહ પણ હવે બહાર આવવા લાગ્યો છે. દબી જુબાનમાં સુધરાઈ સભ્યો પાલિકા પ્રમુખ તેમજ પક્ષના નેતાની નીતિ રીતીથી ખાસ્સા નારાજ જોવા મળી રહ્યા છે. પાલિકામાં પ્રમુખની ઉપર સુપર પ્રમુખ ચાલી રહ્યા છે. તેવો છૂપો ગણગણાટ પર જોર શોરથી ઉઠવા પામ્યો છે. એટલું જ નહિ કેટલાક સુધરાઈ સભ્યો તો લાંબા સમયથી પાલિકા પ્રમુખની ચેમ્બરમાં ફરક્યા જ નથી તેવી ચર્ચાઓ જોર શોરથી ઉઠવા પામી છે. છેલ્લા કેટલાક સમયમાં યોજાયેલા કાર્યક્રમોમાં સુધરાઈ સભ્યોની સૂચક ગેરહાજરી ઘણું બધું કહી જાય છે. બીજું કે તાજેતરમાં કમલમ ખાતે યોજાયેલી સંકલનની બેઠકમાં સંગઠનના ત્રણ હોદ્દેદારોએ પાલિકામાં કોઈ સાંભળતું નથી, શહેરની સમસ્યાનો કોઈ હલ થતું નથી. તેવા બળાપા કાઢી રાજીનામુ ધરી દીધું હતું. જોકે મોવડી મંડળે ઉપરોક્ત ત્રણેય હોદ્દેદારોને સમજાવી મામલો થાળે પાડ્યો હતો. જોકે હવે નજીકમાં પાલિકા પ્રમુખ–ઉપપ્રમુખની ચૂંટણી નજીક છે. ત્યારે પાલિકામાં સુધરાઈ સભ્યો તેમજ સંગઠનનો વિરોધ કર્યુ રૂપ ધારણ કરે છે. તે જોવું રહ્યું.

## દાહોદ શહેર અને જીલ્લામાં વિશ્વ આદિવાસી દિવસ ભવ્ય ઉજવણી કરાશે

દાહોદ,

દાહોદ શહેર સહિત જિલ્લામાં દર વર્ષની જેમ આ વર્ષે પણ ૦૯ ઓગષ્ટ એટલે કે, વિશ્વ આદિવાસી દિવસ નિમિત્તે જિલ્લામાં આદિવાસી સમાજ દ્વારા આદિવાસી દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે. દાહોદ શહેરમાં આદિવાસી સમાજ દ્વારા ભવ્ય સાંસ્કૃતિક રેલીનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં આ સાંસ્કૃતિતક રેલી નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદથી નીકળી નિર્ધારિત સ્થળોએથી પસાર થનાર છે. આ રેલીમાં વિવિધ જન જાગૃતિને અનુલક્ષીને ઝાંખીઓ, ટેબલો, નૃત્ય ગાન સાથે નીકળનાર છે.

૦૯ ઓગષ્ટ વિશ્વ આદિવાસી દિવસએ દાહોદ જિલ્લામાં વિશેષ મહત્વ ધરાવે છે. ખાસ કરીને આદિવાસી સમાજમાં આ દિવસનું અનેરૂ મહત્વ છે. આદિવાસી સંસ્કૃતિને ઉજાગર કરવાના ઉદ્દેશ્ય સાથે દર વર્ષ આ દિવસે દાહોદ શહેર સહિત જિલ્લામાં ભવ્ય ઉજવણી કરવામાં આવે છે. આદિવાસી સમાજ દ્વારા આ દિવસે પોતાના પરંપરાગત વેશભુષા, સંસ્કૃતિ સાથે અનેક વિધ કાર્યક્રમો યોજવામાં આવે છે. જેમાં ખાસ કરીને સાંસ્કૃતિક રેલી કાઢવામાં આવે છે. આવતીકાલે પણ દાહોદ શહેરમાં આદિવાસી સમાજ દ્વારા સાંસ્કૃતિક રેલીનું આયોજન કરવામાં આવેલ છે. આ રેલી આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, દાહોદથી બપોરના ૧૨.૦૦ કલાકેથી નીકળી આઈ.ટી.આઈ., ઝાલોદ રોડ, બસ સ્ટેશન, સ્વામિ વિવેકાનંદ ચોક, સરસ્વતી સર્કલ, બિરસા મુંડા સર્કલ, ભગીની સમાજની સામે, ચંદ્ર શેખર આઝાદ સર્કલ, ગોધરા રોડ, ભરવાડ વાસ થઈ દેસાઈવાડ, તળાવ ચોક થઈને બિરસા મુંડા સર્કલ, માણેક ચોક થઈને આંબેડકર સર્કલ, તાલુકા પંચાયત થઈને આદિવાસી કોમ્પ્યુનીટી કમ કલ્ચર ભવન, તાલુકા પંચાયતની સામે પુર્ણાહુતિ કરવામાં આવશે. આ સાંસ્કૃતિક રેલીમાં વિવિધ ઝાંખીઓ, ટેબલો, નૃત્યુ ગામ સાથે રેલી ઠેર ઠેર ફરશે. ટેબલોમાં ખાસ કરીને શિક્ષણની જાગૃતિ, સીકલ સેલની જાગૃતિ વિગેરે જન જાગૃતિ અભિયાન અનુલક્ષીને ટેબલોને તૈયાર કરવામાં આવનાર છે. ઢોલ નગારાની સાથે આદિવાસી સમાજના લોકો રેલીમાં મોટી સંખ્યામાં જોડાનાર છે. સાંસ્કૃતિક રેલી સમયે કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે દાહોદ જિલ્લા પોલીસ વડાની સુચના અને માર્ગદર્શન હેઠળ દાહોદ શહેર સહિત જિલ્લામાં ઠેર ઠેર ચુસ્ત પોલીસ બંદોબસ્ત પણ ગોઠવી દેવામાં આવનાર છે.

વિશ્વ આદિવાસી દિવસની અનુલક્ષીને દાહોદ શહેર સહિત જિલ્લામાં અનેક સ્થળોએ મહાનુભવોની હાજરીમાં વિવિધ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવેલ છે. જેમાં દાહોદ તાલુકા ખાતે રાજ્યકક્ષાના મંત્રી બચુભાઈ ખાબડની અધ્યક્ષતામાં તા.૦૯/૦૮/૨૦૨૩ના રોજ ૧૦:૦૦ કલાકે જૂના ઈન્દોર હાઈવે પ્રસંગ પાર્ટી પ્લોટ ૨ વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવશે. રાજ્યના સામાજિક ન્યાય અને અધિકારીકતા મંત્રી ભાનુબેન બાબરીયા લીમખેડા ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણીમાં થશે સહભાગી થનાર છે. ગરબાડા ખાતે જિલ્લા પંચાયત પ્રમુખ અધ્યક્ષતામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવશે. નાયબ દંડક રમણભાઈ સોલંકીની અધ્યક્ષતામાં ફતેપુરા તાલુકાના સુખસર ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાશે. નાયબ દંડક જગદીશભાઈ મકવાણાની અધ્યક્ષતામાં ઝાલોદ તાલુકના ગુરૂ ગોવિંદધામ કંબોઈ ખાતે વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરાશે.

## દાહોદ જીલ્લામાં નવ નિયુક્ત SPએ ચાર્જ સંભાળતા ગરબાડા પોલીસ તંત્ર હરકતમાં, વિવિધ વિસ્તારોમાં ધમધમતી વિદેશી દારૂની હાટડીયો પર પોલીસના દરોડા

દાહોદ,

તાજેતરમાં ગુજરાત સરકારે ૭૦ જેટલા આઈપીએસ અધિકારીઓની બદલીઓનો ગંજીપો ચીપિયો છે જેમાં દાહોદમાં એસપી બલરામ મીણા ની જગ્યાએ વલસાડ જીલ્લામાં બુટલેગરોના સ્ટ્રોંગ નેટવર્ક ને જડમૂળમાંથી ઉખેડી નવ નેજા પાણી લાવનાર એસ.પી ડો.રાજદીપસિંહ ઝાલાની નિમણૂંક કરતા જીલ્લા પોલીસવડાએ ચાર્જ સંભાળતા ગરબાડા પોલીસ મથક તેમજ જેસાવાડા પોલીસ મથકની ઔપચારિક મુલાકાત કરી હતી. આ મુલાકાત દરમિયાન જીલ્લા પોલીસ અધિક્ષકે બંને પોલીસ મથક વિસ્તારમાંથી વિદેશી દારૂની બદીને સંપૂર્ણપણે ડામી દેવાના નિર્દેશો કર્યા બાદ ગરબાડા પોલીસ એક્શનમાં જોવા મળી હતી. અને છેલ્લા એક અઠવાડિયામાં ગરબાડાના લીસ્ટેડ બુટલેગરોને ત્યાં રેડ કરી વિદેશી દારૂનો જથ્થો ઝડપી પાડી બૂટલેગરોને જેલના સળિયા પાછળ ધકેલી કાર્યવાહી હાથ ધરતા બુટલેગર આલમમાં ફફડાટ વ્યાપી જવા પામ્યો હતો. પોલીસે એક અઠવાડિયામાં ગરબાડા તાલુકાના જુદા જુદા વિસ્તારો માંથી વિદેશી દારૂના જથ્થા સહિત ૭ થી વધારે બુટલેગર તેમજ બે વોન્ટેડ આરોપીને પકડી જેલભેગા કરતા પંથકમાં ફફડાટ મચી જવા પામ્યો હતો. ગરબાડા ગારીવાડમાંથી ૩૧,૦૫૦ સાથે ત્રણ આરોપી તેમજ ઝરીબુઝર્ગ ગામેથી ૫૫,૩૨૫ વિદેશી દારૂ તેમજ એક ધાડનાં આરોપીને ગણતરીના દિવસમાં નળવાઈ ગામેથી અને પાંચ મહિનાથી દારૂના ગુનામાં નાસતા ફરતા વોન્ટેડ આરોપીને ગાંગરડા ચોકડી ખાતેથી ઝડપી પાડી જેલના પાછળ ધકેલી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. અત્રે ઉલ્લેખનીય છે કે, ગરબાડા થી આશરે ૧.૫ કિમીના અંતરે આવેલ ગુજરાત અને મધ્યપ્રદેશને જોડતી મીનાક્યાર બોર્ડર પર વિદેશી દારૂનો ઠેકો આવેલો છે. જ્યાંથી બુટલેગર દ્વારા વિપુલ પ્રમાણમાં દારૂ ગુજરાતમાં ઘુસાડવામાં આવતો હોય છે. પરંતુ હાલ નવનિયુક્ત એસપીના નિર્દેશ અનુસાર વિદેશી દારૂની બદીને કડક રીતે ડામી દેવા કમર કસીને બેસેલા ગરબાડા તેમજ જેસાવાડા પીએસઆઈ ની અસરકારક કામગીરીથી એક તરફ લિસ્ટેડ બુટલેગરો જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે. તો બાકી બચેલા બુટલેગર તત્વો પણ ભૂગર્ભમાં ઊતરી ગયા હોવાનું જાણવા મળી રહ્યું છે. એટલું જ નહીં વિદેશી દારૂની પરિવહનમાં સંકળાયેલા પર અંકુશ આવતા વિદેશી દારૂની બોટલો ના ભાવ પણ આસમાને પહોંચવા પામ્યા છે.

## દાહોદ તાલુકાના ગલાલિયાવાડમાં લિસ્ટેડ ગેમ્બલર વજુ ભુરીયાના જુગારધામ પર પોલીસ ત્રાટકી,૧૦ ખેલીઓ જેલ ભેગાં : ૬ વોન્ટેડ

દાહોદ,

દાહોદમાં નવનિયુક્ત પોલીસ અધિકારી ડો રાજદીપસિંહ ઝાલાએ ચાર્જ લેતા તમામ પોલીસ મથકોના થાણા અધિકારીઓને સમાજમાંથી દુષણ દૂર કરવા તેમજ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ રોકવા માટેની કામગીરીની સતત સૂચનાઓ આપવામાં આવી રહી છે.જેના પગલે રૂરલ પોલીસ મથકના ઈન્ચાર્જ પીએસઆઇ નયનસિંહ પરમાર તેમજ તેમની ટીમ દ્વારા તારીખ ૭–૮–૨૦૨૩ ના રોજ પેટ્રોલિંગ કરાઈ રહ્યું હતું. તેવા સમયે બાતમી આધારે ગલાલિયાવાડ વિસ્તારના ભુરીયા ફળિયામાં ખુલ્લી જગ્યામાં લિસ્ટેડ ગેમ્બલર વજુ ગળુ ભુરીયા તેના મકાનની બાજુમાં ખુલ્લી જગ્યામાં કેટલાક ઈસમોને બોલાવી આંક ફરકનો જુગાર ચલાવી રહ્યો છે. તેવી બાતમી આધારે રૂરલ પોલીસ મથકના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર નયનસિંહ પરમાર અને તેમની ટીમ દ્વારા ઓચિંતી રેડ કરતા જુગારીઓમાં નાશભાગના દ્રશ્યો સર્જાયા હતા અને રૂરલ પોલીસે જાહેરમાં જુગાર રમતા ૧૦ જુગારીઓને દાવ પર લાગેલા તેમજ અંગઝડતી દરમિયાન જુગારના રોકડા રૂપિયા સાથે ઝડપી પાડ્યા હતા. જેમાંથી માધવસિંહ સંકરસિંહ રાઠોડ રહેવાસી પરેલ દાહોદ, સુક્રમ કેસા બારીયા રહેવાસી નઢેલાવ, વિજય શંકર બિલવાલ રહેવાસી જૂની કોર્ટ પાછળ દાહોદ, છત્રસિંહ ભાવલા ભુરીયા રહેવાસી ચીલાકોટા લીમખેડા, લાલા લુજીયા વહોનિયા રહેવાસી નઢેલાવ, શુક્રિયા વીરસીંગ ભુરીયા રહેવાસી નળવાયા તાલુકા ગરબાડા, રૂપજીત મના ડામોર રહેવાસી તરવાડીયા વજા નિશાળ ફળીયા દાહોદ, સતીષ નરેન્દ્ર યાદવ રહેવાસી બસ સ્ટેન્ડ સામે દાહોદ, લલીત ગનિયા માવી રહેવાસી રહેવાસી દેલસર, રમેશ નાજીયા ડામોર રહેવાસી જેસાવાડા દાહો પાસેથી રૂરલ પોલીસે જુગારના દાવ પર લાગેલા તેમજ અંગ ઝડતી દરમિયાન મળી આવેલા રોકડા રૂપિયા કુલ ૩૨,૩૬૦ ૮ મોબાઈલ જેની કિંમત ૧૯,૦૦૦ એક મોટર સાઈકલ જેની કિંમત ૨૫ હજાર મળી કુલ ૭૬,૩૬૦ ના જુગારના મુદ્દામાલ સાથે ઝડપી લીધા હતા. ત્યારે અન્ય ૬ આરોપીઓને રૂરલ પોલીસે વોન્ટેડ જાહેર કર્યા હતા. જેમાંથી જુગાર રમાડનાર વજુ ગળુ ભુરીયા રહેવાસી ગલાલિયાવાડ, બાબુ કરીમ શેખ રહેવાસી સિંગલ ફળીયા દાહોદ, વિક્રમ લાલચંદ અમલીયાર રહેવાસી સિંગલ ફળીયા દાહોદ, યોગેશ ઉર્ફે લાલો જસવંત ગણાવા રહેવાસી ગલાલિયાવાડ દાહોદ, રવી ભગા સાંસી રહેવાસી રહેવાસી ગલાલિયાવાડ દાહોદ, અંબાલાલ મગન ભુરીયા રહેવાસી ગલાલિયાવાડ દાહોદ સહિતના ફરાર થયેલા ૬ જેટલા ઈસમોને રૂરલ પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે. ત્યારે જીલ્લા પોલીસવડાએ ચાર્જ લેતાજ સમાજમાં ચાલતી દુષણની બદીઓને ડામવા માટે પોલીસ દ્વારા રાઉન્ડ ધ ક્લોક કામગીરી કરાઈ રહી છે ત્યારે રૂરલ પોલીસે ગલાલિયાવાડ વિસ્તારમાં જાહેરમાં રમાડતા વજુ ગળુ ભુરીયાના જુગારના અડ્ડા ઉપર રેડ કરી ૧૦, જુગારીઓને ઝડપી પાડી તેમની પાસેથી ૭૬ હજાર ૩૬૦ રૂપિયાનો મુદ્દામાલ ઝડપી જુગારનો અડ્ડો ચલાવનાર વજુ ગળુ ભુરીયા સહીત ૫ જુગારીઓને રૂરલ પોલીસે વોન્ટેડ જાહેર કર્યા છે.

## પટેલ ફળિયા વર્ગ ચૈડિયા પ્રા.શાળામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી



લીમખેડા,

લીમખેડા તાલુકાના અગારા(ઉ) પગાર કેન્દ્રમાં આવેલી પટેલ ફળિયા વર્ગ ચૈડિયા પ્રા.શાળામાં આજરોજ મંગળવારના રોજ શાળામાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી. આદિવાસી સંસ્કૃતિના મૂલ્યો બાળકો ગ્રહણ કરતા થાય એ ઉદ્દેશ્ય સાથે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. શાળા માંથી મોટી સંખ્યામાં બાળકો ઉત્સાહ પૂર્વક કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. શાળા પરિવારનાં શિક્ષકો અને અગારા ઉ. સી.આર.સી. કો. જશુભાઈ બામણીયા દ્વારા બાળકોને આદિવાસી સંસ્કૃતિની સમજ આપીને કાર્યક્રમની પૂર્ણાહુતિ કરવામાં આવી હતી.

## ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય સંજેલીમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી



સંજેલી,

ઉચ્ચતર માધ્યમિક કન્યા વિદ્યાલય સંજેલીમાં વિશ્વ આદિવાસી દિવસની ઉજવણી કરવામાં આવી. જેમાં આ શાળા માંથી લગભગ ૫૦ વિદ્યાર્થીઓએ આદિવાસી ગીતો રજૂ કરવા આદિવાસી ભજન તથા આદિવાસી લોક નૃત્યોની રમઝટ બોલાવી હતી અને આ સાથે આદિવાસી પરંપરાની વાતો શાળાના શિક્ષકો દ્વારા પ્રવચનરૂપે કહેવામાં આવી હતી. અંતમાં સામૂહિક આદિવાસી ટીમલી પણ રજૂ કરવામાં આવી હતી. આ સાથે વિશ્વ આદિવાસી દિવસ સાથે સંકળાયેલ સૂત્રો જેવા કે એક તીર એક કમાન સભી આદિવાસી એક સમાન/જય જોહાર જય આદિવાસી જેવા સૂત્રો પણ ખૂબ જ રંગે ચંગે શાળાના મેદાનમાં બોલાવવામાં આવ્યા હતા અંતમાં સહુ રાષ્ટ્રગાન બોલી અને વિખુટા પડ્યા હતા.

## લીમડીમાં બ્લડ ડોનેશન અને બ્લડ ગૃપીંગ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું



લીમડી,

લાયન્સ કલબ લીમડી અને જય ગુરૂ જીનેન્દ્ર મંડળના સહયોગ સાથે લાયન્સ ક્લબ દાહોદ મેન અને ઈન્ડિયન રેડક્રોસ સોસાયટી દાહોદ જીલ્લા શાખા દ્વારા ૫/૮/૨૦૨૩ ના રોજ બ્લડ ડોનેશન અને બ્લડ ગૃપિંગનું આયોજન કરવામાં આવ્યું. આ કેમ્પનું ઉદ્દઘાટન કેળવણી મંડળના પ્રમુખ લાયન ગુરૂશરણ પટેલ મુખ્ય મહેમાન મેમ્બરશીપ ચેરમેન લાયન સત્યેન્દ્રસિંહ સોલંકી રિજીયન ચેરમેન અનિલ અગ્રવાલ ઝોન ચેરમેન લાયન જય કિશન જેઠવાણી કેબિનેટ સેક્રેટરી લાયન મહેન્દ્રભાઈ જૈન ની વિશેષ ઉપસ્થિતિમાં કરવામાં આવી. બ્લડ ડોનેશન કેમ્પ ઓર્ગેનાઈઝર એન. કે. પરમાર દ્વારા બ્લડ કેમ આપવું અને તેના ફાયદા વિશે જાણકારી આપી. જય ગુરૂ જીનેન્દ્ર મંડળના સભ્યો ઉત્સાહપૂર્વક બ્લડ ડોનેશન કરી તેમને સફળ બનાવ્યું. લાયન્સ કલબ ઓફ લીમડીના પ્રમુખ લા. દિનેશ ચોપડા એ આવેલા મહેમાનોનું સ્વાગત કર્યું. આજના આ કેમ્પમાં ૪૨ થી વધુ યુનિટ બ્લડ કલેક્ટ કર્યું હતું. આ ઉપરાંત લાયન્સ ક્લબ દાહોદ મેંન ના પ્રમુખ દિલીપભાઈ મેહતાની એડવાન્સ લેબ લીમડી દ્વારા ૧૫૫ સભ્યોનું બ્લડ ગ્રુપીંગ કરવામાં આવી. રેડક્રોસ સોસાયટી તરફથી દરેક રક્તદાતાને ગીફ્ટ અને સર્ટિફિકેટ આપી સન્માન કર્યું હતું. કાર્યક્રમનું સંચાલન લા. કેતન દવે દ્વારા કરવામાં આવ્યો હતો. જેમને ૨૮મી વાર બ્લડ ડોનેટ કર્યું હતું. કલબના પ્રમુખ લા. દિનેશભાઈ ચોપડાએ કલબના અન્ય સભ્યો સાથે રક્તદાન કર્યું. જય ગુરૂ જીનેન્દ્ર મંડળના અધિકતમ સભ્ય દ્વારા બ્લડ ડોનેટ કરતા રેડક્રોસ સોસાયટીના ખજાનચી કમલેશભાઈ લીમ્બાચીયા દ્વારા આ ઉત્તમ કાર્ય બદલ અભિનંદન પાઠવ્યા હતા. હજી વધુને વધુ લોકો બ્લડ ડોનેટ પ્રવૃત્તિમાં જોડાઈ જેથી વધુમાં વધુ લોકોને બ્લડ આપી જીવન બચાવી શકાય, લાયન્સ કલબના સભ્યો તેમજ ગામના લોકોએ પણ કેમ્પમાં સહકાર આપ્યો હતો.

## ગરબાડા BRC ભવન ખાતે નિર્પૂણ ભારત અંતર્ગત વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું


તસ્વીર : વિપુલ જોષી, ગરબાડા

ગરબાડા,

વસુદેવ કુટુંબકમની થીમ હેઠળ બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓ સોળે કળાએ ખીલે તે માટે સરકાર દ્વારા વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે. બી.આર.સી. ભવન ગરબાડા ખાતે નિર્પુણ ભારત અંતર્ગત વાર્તા લેખન અને વાર્તા કથન તેમજ G20 અંતર્ગત કલા ઉત્સવ–૨૦૨૩માં તાલુકા કક્ષાની વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં તાલુકા કન્યા પ્રાથમિક શાળાની ધોરણ ૨ વિદ્યાર્થીની મહાકાલ પ્રીન્સીબેને વાર્તા કથન સ્પર્ધામાં પ્રથમ નંબર તેમજ દવે જિંકલબેને બાળ કવિ સ્પર્ધામાં પ્રથમ નંબર પ્રાપ્ત કરીને અગ્રેસર રહી શાળાનું ગૌરવ વધાર્યું હતું. અત્રે ઉલ્લખનીય છે કે, વસુદૈવ કુટુમ્બકમની થીમ હેઠળ બાળકોમાં રહેલી સૂસુપ્ત શક્તિઓ સોળે કળાએ ખીલી ઊઠે એ માટે સરકાર તરફથી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે, જે ખરેખર સરાહનીય બાબત છે.

## દાહોદ મંડાવ રોડ ખાતે લાયન્સ કલબ અને સીટી એબીલીટી દ્વારા વૃક્ષારોપણ કર્યું


તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

લાયન્સ કલબ ઓફ દાહોદ સીટી અને એબીલીટી દ્વારા બ્લાઈન્ડ વેલ્ફેર કાઉન્સિલ, મંડાવ રોડ ખાતે ૫૦૦ વૃક્ષોનું વૃક્ષારોપણ કરવામાં આવ્યું.

આ સમયે કેબિનેટ સેક્રેટરી લાયન યુસુફીભાઈ કાપડિયા, રિજીયન ચેરમેન લાયન અનિલભાઈ અગ્રવાલ, રિજીયન સેક્રેટરી લાયન કમલેશભાઈ લીમ્બાચીયા લાયન્સ કલબ ઓફ દાહોદ સીટીના પ્રમુખ લાયન તુલસીબેન શાહ, સેક્રેટરી લાયન સૈફીભાઈ પીટોલવાલા, લાયન અર્પિલ શાહ, લાયન રાધેસ્યામભાઈ શર્મા, લાયન્સ કલબ ઓફ એબીલીટીના ઉપપ્રમુખ સુરેશભાઈ ભૂરા, ટ્રસ્ટી બ્લાઈન્ડ વેલ્ફેર કાઉન્સિલ વિરાભાઈ પરમાર તથા ડિપ્લોમા સ્પેશિયલ એજ્યુકેશનના વિદ્યાર્થીઓ તથા કોઓર્ડીનેટર મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Bandibarno Khancho, Talav Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www.panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 26, No.298

પંચમહાલ આવૃત્તિ
ગોધરા, મોરવા(હ), શહેરા, કાલોલ, હાલોલ, જાંબુઘોડા, ઘોઘંબા

પંચમહાલ સમાચાર

# ગોધરા નગરપાલિકાના વોર્ડ નં-૩ની પેટા ચૂંટણીમાં ભાજપના નીલીમાબેન શાહનો ભવ્ય વિજય



## વોર્ડને વિકાસશીલ બનાવવાનો નિલીમાબેન શાહનો આશાવાદ


ભાજપ શાસીત ગોધરા નગર પાલિકામાં આગામી અઢી વર્ષની ફરજ મતદારોએ સુપ્રત કરતાં આભારની લાગણી વ્યકત કરતા ઉમેદવાર નિલીમાબેન શાહના મત પ્રમાણે કેન્દ્ર રાજય તથા જીલ્લાભરમાં ભાજપા શાસીતની વિચારધારા અને સરકારની યોજનાઓના ફળ સામાન્ય પ્રજાજનોને મળે તેવા પ્રયત્નો કરવામાં આવનાર છે. ખાસ કરીને વોર્ડ નં.૩ માં પાણી, ગટર અને વિજળી સેવાને અગ્રીમતા આપવામાં આવનાર છે. અને સરકારની મળવા પાત્ર ગ્રાંટ પ્રજાજનોની પ્રાથમીક સુખાકારી પાછળ ખર્ચવાનો નિર્ધાર વ્યર્થ કરીને વોર્ડને વિકાસશીલ બનાવવાનો આશાવાદ વ્યકત કર્યો હતો.

- પરિણામ પૂર્વે પંચમહાલ સમાચાર દ્વારા કરાયેલી સચોટ આગાહી તદ્દન સત્ય સાબિત થઈ.
- ૨૯૦૫ સૌથી વધુ મતો સાથે ભાજપના નિલીમાબેન અંકિતકુમાર શાહનો ભવ્ય વિજય.
- ભાજપના ઉમેદવાર પ્રથમ રાઉન્ડે ૪૮૯, બીજા રાઉન્ડે ૫૨૧, ત્રીજા રાઉન્ડે ૬૩૨, ચોથા રાઉન્ડ ૬૨૨, પાંચમાં રાઉન્ડ ૬૩૨ અને અંતિમ રાઉન્ડે ૧૦૮ મળીને કુલ ૨૯૦૫ મત મેળવીને વિજેતા.
- અન્ય બે મુખ્ય ઉમેદવારો તેઓની હરોળમાં આવતાં હાંફી ગયા.
- આપના ઉમેદવારની પુરતા મતો ન મળતાં તેઓની નિયમોનુસાર ડીપોઝીટ ડુલ થતા રાજકીય મોરચે અનેક તર્ક વિર્તકો.
- માર્ગો પર વિજેતા ઉમેદવારનું ફટાકડા ફોડીને હર્ષોલ્લાસ સાથે વિજય સરઘસ નિકળ્યું.

ગોધરા, પરિણામ પૂર્વે પંચમહાલ સમાચાર દ્વારા કરાયેલી સચોટ આગાહી તદ્દન સત્ય સાબિત થઈ હતી. જેમાં ગોધરા નગર પાલિકાના વોર્ડ નં.૩ની પેટા ચુંટણીની મત ગણતરીમાં ૨૯૦૫ સૌથી વધુ મતો સાથે ભાજપના નિલીમાબેન અંકિતકુમાર શાહનો ભવ્ય વિજયી થતાં ફટાકડા ફોડીને હર્ષોલ્લાસ સાથે વિજય સરઘસ નિકળ્યું હતું. જેમાં પ્રથમ રાઉન્ડે ૪૮૯, બીજા રાઉન્ડે ૫૨૧, ત્રીજા રાઉન્ડે ૬૩૨, ચોથા રાઉન્ડ ૬૨૨, પાંચમાં રાઉન્ડ ૬૩૨ અને અંતિમ રાઉન્ડે ૧૦૮ મળીને કુલ ૨૯૦૫ મત મેળવીને વિજેતા જાહેર થયા હતા.જ્યારે અન્ય બે મુખ્ય ઉમેદવારો તેઓની હરોળમાં આવતાં હાંફી ગયા હતા. જયારે આપના ઉમેદવારની પુરતા મતો ન મળતાં તેઓની નિયમોનુસાર ડીપોઝીટ ડુલ થતા રાજકીય મોરચે અનેક તર્ક વિર્તકો સર્જાયા હતા.

છેલ્લા ૧૫ દિવસ ઉપરાંતથી પંચમહાલ જિલ્લામાં આવેલ ભાજપા શાસીત ગોધરા નગરપાલિકાના વોર્ડ નં-૩ની ખાલી પડેલી સામાન્ય મહિલા બેઠકની યોજાયેલી પેટા ચુંટણીમાં અપક્ષ વિના માત્ર ત્રણ મહિલા ઉમેદવારોએ દાવેદારી નોંધાવી હતી. છેલ્લા અઠવાડિયાથી પ્રચાર કામગીરી પૂરજોશમાં કરવા છતાં મતદારોને રીઝવવામાં ઉમેદવારો અસમર્થ નિવડતા માત્ર ૩૫ ટકા મતદાન નોંધાયું હતું. ત્યારબાદ આજે મંગળવારના રોજ પ્રાંત કચેરી ગોધરા ખાતે પોલીસ બંદોબસ્ત વચ્ચે મત ગણતરી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. ઈવીએમ મશીન હોવાના કારણે ગણતરીની મીનીટોમાં પરિણામ ભાજપ તરફી જાહેર થયું હતું. અને આ પેટા ચુંટણીનું પરિણામ જાહેર થતા પૂર્વે ભાજપના ઉમેદવાર નીલિમાબેન અંકિતકુમાર શાહનો વિજય થયો અગાઉ પંચમહાલ જીલ્લાના નામાંકિત દૈનિક પંચમહાલ સમાચાર દ્વારા કરાયેલી સચોટ આગાહી પ્રમાણે અક્ષતઃ સત્ય સાબિત થઈ હતી. પ્રજાના વાચા અને આકંક્ષાઓ પૂર્તિ માટે અખબાર બનતા ફરી એકવાર વાંચકોની નાડ પારખવામાં સફળ નિવડયું હતું. અગાઉ મતદાનના દિવસે ૧૧ બુથમાં ઈવીએમ મશીન દ્વારા હાથ ધરાયેલી પ્રક્રિયા દ્વારા કુલ ૯૯૧૧ પૈકી માત્ર ૩૫૪૧ મતદારોએ ભાગ લેતા માત્ર ૩૫.૭૨ ટકા જેટલું નિરસ મતદાન નોંધાયા બાદ પ્રક્રિયાને લઈને આજે વહેલી સવારથી જ ચુંટણી રસીયાઓમાં અનેક ર્તકવિર્તકો સર્જાયા હતા. અને સવારે ૯.૦૦ કલાકે સમર્થકોના ધાડા ઉમટી પડયા હતા. તબકકાવાર હાથ ધરાયેલી પ્રક્રિયા બાદ મતગણતરી પ્રક્રિયામાં પ્રથમ રાઉન્ડથી જ ભાજપ ઉમેદવાર અગ્રેસર બનીને તબકકાવાર આગળ ધપી રહ્યા હતા. જેમાં પ્રથમ રાઉન્ડે ૪૮૯, બીજા રાઉન્ડે ૫૨૧, ત્રીજા રાઉન્ડે ૬૩૨, ચોથા રાઉન્ડ ૬૨૨, પાંચમાં રાઉન્ડ ૬૩૨ અને અંતિમ રાઉન્ડે ૧૦૮ મળીને કુલ ૨૯૦૫ મત મેળવીને વિજેતા જાહેર થયા હતા. તો બીજી તરફ તેઓના વિરૂદ્ધ ઉમેદવાર કોંગ્રેસના દવનીબેન ઉમેશકુમાર શાહ ૩૫૫ મતો સાથે રહ્યા હતા અને ત્રીજા ક્રમે આપના રમીલાબેન ગજજર ૨૦૭ મતો સાથે રહ્યા હતા. જ્યારે ૭૪ જેટલા મતો નાટોમાં પડયા હતા. આમ, પ્રથમ રાઉન્ડમાં ભાજપને ૭૦૪ અને અંતિમ રાઉન્ડમાં સૌથી ઓછા મળીને ભાજપના નિલીમાબેન શાહને વિજેતા જાહેર કરવામાં આવતાં ભાજપના અગ્રણીઓએ અબિલ ગુલાલ તથા ફુલહાર સાથે અભિનંદન પાઠવ્યા હતા. જયારે અન્ય આપના ઉમેદવારની પુરતા મતો ન મળતાં તેઓની નિયમોનુસાર ડીપોઝીટ ડુલ થઈ હોવાની ગણતરીઓ મંડાઈ રહી છે.અત્રે નોંધનિય છે કે, માત્ર અઢી વર્ષની મુદ્દત ધરાવત ઉમેદવાર માટે મતદારોએ ભાજપની પસંદ કર્યા હતા. તેમજ આ વોર્ડ નં.૩ પહેલેથી જ ભાજપના ચુસ્ત સર્મપ્રીત હોવાથી આ વખતે પણ વફાદાર રહી નિલીમાબેન શાહને વિજેતા નિવાડયા હતા. પરિણામના અંતે ભાજપના નીલિમા શાહને ૨૯૦૫ મત, કોંગ્રેસના દવનિ શાહને ૩૫૫ અને આમ આદમી પાર્ટીના રમીલા ગજ્જરને ૨૦૭ મત મળ્યા હતા. વિજેતા ઉમેદવારને મળેલા કુલ મતના ૧/૬ ભાગના મત મળવા જોઈએ. જે મુજબ ભજપના ઉમેદવારને મળેલા કુલ મતના ૫૯૦ મતો અન્ય ઉમેદવારોને મળવા જોઈએ, જે ન મળતા બન્ને ઉમેદવારોની ડિપોઝિટ પણ જપ્ત થઈ છે. બીજીતરફ વિજેતા બનેલા ઉમેદવારનું ગોધરા શહેરમાં વિજય સરઘસ નીકળ્યું હતું. જેમાં ફટાકડા ફોડીને અને એકબીજાના મ્હો મીઠું કરીને ભાજપના કાર્યકરોએ વિજય મનાવ્યો હતો.

# નાલંદા વિદ્યાલય માં ૭૫ ફૂટ લાંબા ચિત્ર દ્વારા વિશ્વ આદિવાસી દિવસ ઉજવ્યો



ઘોઘંબા, નાલંદા વિદ્યાલય ઘોઘંબાના પટાંગણમાં શિક્ષકો અને વિદ્યાર્થીઓ દ્વારા વિશ્વ આદિવાસી દિવસ ઉજવવામાં આવ્યો. જેમાં બાળકો આદિવાસી વેશભૂષાની સાથે સંસ્કૃતિના પ્રતિક રૂપે શસ્ત્રોનું પણ પ્રદર્શન ગોઠવવામાં આવ્યું. તેમજ નાના બાળકો દ્વારા માનવ અક્ષરો અંકિત કરી વિશ્વ આદિવાસી દિવસ લખવામાં આવ્યું અને અત્યારે જયારે સમગ્ર દેશમાં અમૃત મહોત્સવ ઉજવાઈ રહ્યો છે. ત્યારે ૭૫ ફુટ લાંબા કાગળ ઉપર આદિવાસી ભીતચિત્રો જેવા કે વારલી પીઠોરા વગેરેને બાળકો દ્વારા રેખાંકિત કરવામાં આવ્યા. નાલંદા શિક્ષક રાજપુત પ્રિયંકાબેન દ્વારા વિદ્યાર્થીઓને આદીવાસી ચિત્રો દોરવા પ્રેરિત કરવામાં આવ્યા.

આ ઉત્સવમાં સહભાગી થવા ઘોઘંબા તાલુકા નાયબ મામલતદાર વિક્રમભાઈ રાઠવા ઉપસ્થિત રહી ને નાલંદાના આચાર્ય શિક્ષકો અને વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કર્યા. અંતે બાળકો અને શિક્ષકો દ્વારા આદિવાસી લોક નૃત્ય કરી આદિવાસી દિવસ મનાવ્યો.































